Shah Steel
SINCE - 1969
M.S.ANGEL, CHANNEL, BEAM, PLATE CRC, HR,G.I SHEETS M.S.FLAT, ROUND, SQUARE, BRIGHT BAR AND T.M.T BARS
WHOLESALE AND RETAIL STOCKIST & SUPPLIER
B-IND.129-A, UDHNA SANCH COMPLEX, NEW UDHNA DINDOLI ROAD, UDHYOG NAGAR, UDHNA, SURAT-394 210.
PH.: 0261 227962, 2277137 • E-mail : shahnco118@gmail.com
Mobile: 9377722118, 9374718583
BALBIR AM/NS INDIA JSW MONNET JINDAL STEEL & POWER


# ગુજરાતમિત્ર

તથા ગુજરાતદર્પણ સ્થાપના:૧૮૬૩

સંવર્ધક તંત્રી : સ્વ. પ્રવીણકાન્ત ઉત્તમરામ રેશમવાળા
તંત્રી: મુદ્રક : પ્રકાશક : ભરત પ્રવીણકાન્ત રેશમવાળા

વડોદરા


શેઠ પી. ટી. સુરત જનરલ હોસ્પિટલ
ડૉ. ભટ્ટની હોસ્પિટલ
બાલાજી રોડ, સ્વ. શ્રી કનૈયાલાલ મોદી માર્ગ, સુરત.
ફોન : ૦૨૬૧-૨૫૯૨૦૪૦, ૨૫૯૨૦૪૧, ૨૬૦૪૦૦૦
સરકારશ્રીની ''માં કાર્ડ યોજના''
હેઠળ અનુભવી ડૉક્ટર્સ દ્વારા
જનરલ સર્જરી અને ENT સર્જરી
ફ્રી કરવામાં આવે છે.
કેશલેસ અને મેડીક્લેઈમની સેવા ઉપલબ્ધ - ૨૪ કલાક ઈમરજન્સી
સાચા અર્થમાં ટ્રસ્ટ હોસ્પિટલ...

માલિકઃ ગુજરાતમિત્ર પ્રા.લિ. પ્રકાશન સ્થાનઃ ગુજરાત સ્ટાન્ડર્ડ પ્રેસ, ગુજરાતમિત્ર ભવન, સોની ફળિયા, સુરત-૩૯૫૦૦૩ | e-mail:mitra@gujaratmitra.in | ટે.નં.: જા.ખ. વિભાગઃ ૨૫૯૯૯૯૧, ફેક્સઃ ૨૫૯૯૯૯૦, વ્યવસ્થા, તંત્રી વિભાગઃ ૨૫૯૯૯૯૨/૩/૪

GUJARATMITRA AND GUJARATDARPAN
Regd.No. SRT-006/2024-26 ★ RNI No.1597/57

વર્ષઃ ૧૬૩ * * * સંવત ૨૦૮૨ શ્રાવણ સુદ ત્રીજ શનિવાર ૧૫ ઓગષ્ટ, ૨૦૨૬ * * * દૈનિક : ૮૯ - અંક : ૨૫૧

પાનાં ૧૨+૧૨ કિંમત ₹ ૫.૦૦

### નાલસાર વિવાદ: BCIની મનમાની સામે ચીફ જસ્ટિસ લાલઘૂમ

# વિદ્યાર્થીઓને વિરોધ કરવાનો હક: ચીફ જસ્ટિસ

**હું પોતે** પણ મારા વિદ્યાર્થીકાળમાં વિદ્યાર્થી પ્રવૃત્તિઓમાં સક્રિયપણે સંકળાયેલો હતો: સૂર્ય કાંત

**પદવીદાન** સમારંભ માટે CJIને આમંત્રણ આપવા સામે વિરોધ કરવા બદલ આ યુનિવર્સિટીના સ્નાતકોની નોંધણી નહીં કરવાના BCIએ રાજ્યોની બાર કાઉન્સિલોને

**જારી** કરેલા આદેશને પડકારતી અરજી સુપ્રીમે હાથ ધરી

**ચીફ** જસ્ટિસે કહ્યું કે આ મારી અને વિદ્યાર્થીઓ વચ્ચેની બાબત છે, BCI વચ્ચે પડનાર કોણ?

**નવી દિલ્હી, 14 (PTI):** "આ વિદ્યાર્થીઓ અને મારી વચ્ચેનો સંવાદ છે," એમ ભારતના મુખ્ય ન્યાયાધીશ સૂર્ય કાંતે શુક્રવારે હૈદરાબાદની નાલસાર યુનિવર્સિટી ઓફ લોના ૨૦૨૬ના સ્નાતકોને તેમની પ્રસ્તાવિત કેમ્પસ મુલાકાત સામેના વિરોધ બાદ એડવોકેટ તરીકે નોંધણી ન કરવાના બાર કાઉન્સિલ ઓફ ઈન્ડિયા(BCI)ના આદેશની સખત ટીકા કરતા કહ્યું હતું.

વિદ્યાર્થીઓને વિરોધ કરવાનો અધિકાર છે, તેવું CJIની આગેવાની હેઠળની બેન્ચે BCI દ્વારા તમામ રાજ્ય બાર કાઉન્સિલોને આગામી આદેશ સુધી યુનિવર્સિટીના ૨૦૨૬ના કોઈપણ સ્નાતકની નોંધણી ન કરવાના નિર્દેશ આપ્યાના એક દિવસ પછી કહ્યું હતું. સોશિયલ મીડિયા પર થયેલા ભારે વિરોધ બાદ આ આદેશ થોડા જ કલાકોમાં પાછો ખેંચી લેવામાં આવ્યો હતો. BCIના પરિપત્રને પડકારતી અરજી પર તાકીદની સુનાવણી માટે રજૂઆત કરવામાં આવ્યા પછી મુખ્ય ન્યાયાધીશે કહ્યું, આ વિદ્યાર્થીઓ અને મારી વચ્ચેનો સંવાદ છે. આમાં હસ્તક્ષેપ કરનારા તેઓ (BCI) કોણ છે? આ બિલકુલ અયોગ્ય છે. તેમણે ઉમેર્યું કે "હું પોતે પણ મારા વિદ્યાર્થીકાળમાં વિદ્યાર્થી પ્રવૃત્તિઓમાં સક્રિયપણે સંકળાયેલો હતો."

...અનુસંધાન પાના 11 પર

ગુજરાતમિત્ર

**અંક બંધ**

સ્વાતંત્ર્ય દિનના પર્વ નિમિત્તે 'ગુજરાતમિત્ર' કાર્યાલયમાં રજા રહેશે, તેથી તા.૧૬-૮-૨૦૨૬ રવિવારના દિવસે અંક બહાર પડશે નહીં. જેની નોંધ લેવા સૌને વિનંતી.

-- વ્યવસ્થાપક

ગુજરાતમિત્ર

**નવરોઝ મુબારક**

સમસ્ત પારસી સમાજને ''નવરોઝ મુબારક'' અને પારસી નવ વર્ષની હાર્દિક શુભેચ્છાઓ

**'ગુજરાતમિત્ર'ની પૂર્તિ સત્સંગ ધાર્મિક અને આધ્યાત્મિક સફળ સફર સાથે 25મા વર્ષમાં પ્રવેશે છે**




ગુજરાતમિત્રના સોમવારના અંક સાથે પ્રગટ થશે સત્સંગનો વિશેષાંક.. જેમાં હશે ભારતભરના 25 યાત્રાસ્થળો, 25 પરિક્રમા અને તીર્થયાત્રા, 25 ધર્મગ્રંથો, ગીતાના જીવનપયોગી 25 શ્લોક જેવી અન્ય ધાર્મિક માહિતી સાથેનું સાત્ત્વિક વાંચન

આપની નકલની વ્યવસ્થા માટે આજેજ આપના વિતરકભાઈને જણાવી દો..

### 45% ભારતીયો અમેરિકા પ્રત્યે હકારાત્મક, જ્યારે પાકિસ્તાનમાં 90% લોકો ચીનની તરફેણમાં

## ભારતીયો, પાકિસ્તાનીઓ એકબીજાને સૌથી મોટો ખતરો માને છે: સર્વેક્ષણ

**૫૪ ટકા** ભારતીયો પાકિસ્તાનને જ્યારે ૨૧ ટકા ભારતીયો ચીનને સૌથી મોટું જોખમ માને છે

**વોશિંગ્ટન, તા. 14 (PTI):** એક નવા સર્વેક્ષણમાં સામે આવ્યું છે કે ભારતીયો અને પાકિસ્તાનીઓનો મોટો વર્ગ એકબીજાને તેમનું સૌથી મોટું જોખમ માને છે, જે બંને પાડોશી દેશો વચ્ચેના ઊંડા મૂળિયાં ધરાવતા અવિશ્વાસને દર્શાવે છે.

અમેરિકન થિંક ટેન્ક 'પ્યુ રિસર્ચ'ના સર્વે અનુસાર, ભારતમાં સર્વેક્ષણમાં સામેલ ૫૪ ટકા પુખ્ત વયના લોકોએ પાકિસ્તાનને તેમનું સૌથી મોટું ભૂ-રાજકીય જોખમ ગણાવ્યું હતું, ત્યારબાદ ૨૧ ટકા સાથે ચીન

...અનુસંધાન પાના 11 પર



ભારતીય સેનાએ ગુરુવારે લડાખના ઝાંસ્કાર જિલ્લાના મુખ્ય મથક પદુમ ખાતે ૧૦૦ ફૂટ ઊંચો રાષ્ટ્રધ્વજ સ્થાપિત કર્યો હતો. આ દુર્ગમ વિસ્તારના લોકોમાં દેશભક્તિ, રાષ્ટ્રીય એકતા અને નાગરિક ગૌરવની ભાવના પ્રોત્સાહિત કરવાના હેતુથી આ પગલું ભરવામાં આવ્યું છે. લેહ સ્થિત સંરક્ષણ પ્રવક્તાએ જણાવ્યું હતું કે, ઝાંસ્કારના મનોરમ દ્રશ્યો વચ્ચે સ્થાપિત કરવામાં આવેલો આ ઊંચો ત્રિરંગો ખૂબ જ દૂરથી પણ જોઈ શકાય છે અને તે સ્થાનિક રહેવાસીઓ તેમજ પ્રવાસીઓ માટે એક મોટું ઓળખચિહ્ન બની રહેવાની ધારણા છે. સ્વતંત્રતા દિવસની ઉજવણીની પૂર્વસંધ્યાએ ભારતીય સેનાની ૮મી માઉન્ટેન ડિવિઝન દ્વારા આ ૧૦૦ ફૂટ ઊંચા રાષ્ટ્રધ્વજની સ્થાપના અને ઉદ્ઘાટન કરવાના પ્રસંગે સમાજ સેવક સુલ્ત્રીમ ચોન્જોર, સેના અને જિલ્લા વહીવટીતંત્રના અધિકારીઓ તથા અગ્રણી બૌદ્ધ સાધુઓ પણ હાજર રહ્યા હતા.

## સ્વાતંત્ર્ય દિનના સંબોધનમાં પણ શરીફની ભારતને યુદ્ધની ધમકી

**ઈસ્લાબાદ, તા. 14 :** પાકિસ્તાનના ટોચના નાગરિક અને લશ્કરી નેતૃત્વએ શુક્રવારે દેશના ૮૦મા સ્વતંત્રતા દિવસની ઉજવણી કરતી વખતે રાષ્ટ્રીય એકતા, શાંતિ અને આર્થિક પ્રગતિનું આહ્વાન કર્યું હતું.

તેમના સ્વતંત્રતા દિવસના સંદેશામાં, વડા પ્રધાન શહબાઝ શરીફે જણાવ્યું હતું કે પાકિસ્તાન શાંતિ ઈચ્છે છે પરંતુ તે ઈચ્છાને ક્યારેય નબળાઈ સમજવાની ભૂલ થવા દેશે નહીં. તેમણે કહ્યું, અમે યુદ્ધ નથી ઈચ્છતા; અમે શાંતિ ઈચ્છીએ છીએ. પરંતુ શાંતિની ઈચ્છાને નબળાઈ ન ગણવી જોઈએ. ભારત સાથેના ગયા વર્ષના ચાર દિવસીય સંઘર્ષને યાદ કરતા, શરીફે કહ્યું કે પાકિસ્તાન જળ સંસાધનોના પોતાના અધિકાર સહિત તેના રાષ્ટ્રીય હિતોના રક્ષણ માટે પ્રતિબદ્ધ છે, અને પુનરોચ્ચાર કર્યો કે તે એક જવાબદાર રાષ્ટ્ર અને પ્રાદેશિક તથા વૈશ્વિક શાંતિ માટે સ્થિરતા લાવનારા પરિબળ તરીકે પોતાની ભૂમિકા ભજવવાનું ચાલુ રાખશે. પાકિસ્તાનના વડાપ્રધાન શહબાઝ શરીફે સિંધુ જળ કરારને લઈને ભારતને ફરી એકવાર ધમકી આપી છે. તેમણે કહ્યું કે પાકિસ્તાનના

...અનુસંધાન પાના 11 પર

# વસ્તી ગણતરી માટેના 40 પ્રશ્નો સરકારે જાહેર કર્યા

**જ્ઞાતિ** આધારિત માહિતી પહેલીવાર મેળવવામાં આવશે

**બરફ** વર્ષાની સંભાવના ધરાવતા વિસ્તારોમાં સૌથી પહેલી વસ્તી ગણતરી ૧ સપ્ટેમ્બરથી શરૂ થઇ જશે

**આધાર,** પાસપોર્ટ અને બેંક ખાતા સહિતની વિગતો પણ પૂછાશે

**નવી દિલ્હી, તા. 14 (PTI):** કેન્દ્ર સરકારે શુક્રવારે વસ્તી ગણતરીના તબક્કા દરમિયાન ઉત્તરદાતાઓને પૂછવામાં આવનારા 40 પ્રશ્નો જાહેર કર્યા છે. જેમાં પ્રથમ વખત જાતિ અંગેના પ્રશ્નોનો પણ સમાવેશ થાય છે. આ વસ્તી ગણતરી બરફ પડવાની સંભાવના ધરાવતા વિસ્તારોમાં 1 સપ્ટેમ્બરથી શરૂ થવાની છે. ભારતના રજિસ્ટ્રાર જનરલ મૃત્યુંજય કુમાર નારાયણના આદેશમાં એવા પ્રશ્નો નોટિફાય કરવામાં આવ્યા છે કે શું વ્યક્તિ અનુસૂચિત જાતિ(SC) કે અનુસૂચિત જનજાતિ(ST)થી સંબંધિત છે અને તેમની જાતિ કઈ છે. આ મહિનાની શરૂઆતમાં બહાર પાડવામાં આવેલા ગેઝેટ નોટિફિકેશન મુજબ, લડાખ અને જમ્મુ અને કાશ્મીર, હિમાચલ પ્રદેશ તથા ઉત્તરાખંડના બરફવર્ષાની સંભાવના ધરાવતા વિસ્તારોમાં 1 થી 30 સપ્ટેમ્બર દરમિયાન વસ્તી ગણતરી હાથ ધરવામાં આવશે. તેમાં જણાવાયું છે કે, ઉપરોક્ત વસ્તી ગણતરીના સંચાલન માટે, ઘર-ઘર જઈને હાથ ધરાતી વસ્તી ગણતરી શરૂ થાય તે પહેલાં 17 થી 31 ઓગસ્ટ દરમિયાન સ્વ-નોંધણીનો વિકલ્પ રહેશે. દેશના બાકીના ભાગોમાં વસ્તીની નોંધણી આગામી વર્ષે શરૂ થશે. વસ્તી ગણતરીના ભાગરૂપે જાતિની વિગતો એકત્ર કરવામાં આવશે તેવું આ પહેલીવાર બનશે.

સૂત્રોના જણાવ્યા અનુસાર,


...અનુસંધાન પાના 11 પર

### કયા પ્રકારના પ્રશ્નો પૂછવામાં આવી શકે છે?

ઉત્તરદાતાઓને તેમની વ્યક્તિગત વિગતો પૂછવામાં આવશે, જેમ કે વૈવાહિક સ્થિતિ, લગ્ન સમયે ઉંમર, જીવનસાથીનું નામ, રાષ્ટ્રીયતા, ધર્મ, અનુસૂચિત જાતિ (SC)/અનુસૂચિત જનજાતિ (ST), જાતિ, માતાપિતાની વિગતો, દિવ્યાંગતા, માતૃભાષા અને અન્ય જાણીતી ભાષાઓ, સાક્ષરતા અને ડિજિટલ સાક્ષરતાની સ્થિતિ વગેરે. આ ઉપરાંત, ઉત્તરદાતાઓને શિક્ષણ સંસ્થામાં હાજરી, સર્વોચ્ચ શૈક્ષણિક સ્તર, પ્રવાહ, વિષય, શું તેઓ છેલ્લા એક વર્ષ દરમિયાન કોઈપણ સમયે કામ કરતા હતા, આર્થિક પ્રવૃત્તિની શ્રેણી, વ્યવસાય, ઉદ્યોગ, વેપાર કે સેવાની પ્રકૃતિ, કામદારનો પ્રકાર અને શું તેઓ બિન-આર્થિક પ્રવૃત્તિમાં રોકાયેલા છે (સીમાંત, અર્ધ-સીમાંત અને બિન-કામદારો માટે) તે અંગે

...અનુસંધાન પાના 11 પર




તા. ૧૪-૦૮-૨૦૨૬નું વડોદરા શહેરનું

### હવામાન

| વરસાદ (૧૮.૦૦ કલાક સુધી) | આજનો | મોસમનો |
|---|---|---|
| | ૨.૦ મીમી | ૫૪૭ મીમી |

| તાપમાન | મહત્તમ | લઘુત્તમ | ભેજ |
|---|---|---|---|
| | ૩૦.૮ સે. | ૨૪.૮ સે. | ૮૦% |